GJBN150000912026

| | |
|---|---|
| આંક | |
| કેસ દાખલ તા. | ૨૭/૦૨/૨૦૨૬ |
| કેસ રજી.તા. | ૨૭/૦૨/૨૦૨૬ |
| કેસ ફેસલ તા. | ૩૦/૦૫/૨૦૨૬ |
| સમય ગાળો : | વર્ષ–માસ–દિવસ |
| | ૦૦ – ૦૩ –૦૩ |

**<u>મહુવાના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ, મહુવા, જી.ભાવનગર</u>**

**<u>ફોજદારી રીવીઝન અરજી નં.–૦૭/૨૦૨૬</u>**

(૧) મજબુતભાઈ ભોજભાઈ ખુમાણ,
ઉ.વ.આ.૩૮, ધંધો–ખેતી કામ,
રહે.મોટી વડાળ, તા.મહુવા, જી.ભાવનગર

(૨) વનરાજભાઈ ભોજભાઈ ખુમાણ,
ઉ.વ.આ.૨૯, ધંધો–ખેતી કામ,
રહે.મોટી વડાળ, તા.મહુવા, જી.ભાવનગર

(૩) રણજીતભાઈ ભોજભાઈ ખુમાણ,
ઉ.વ.આ.૪૦, ધંધો–ખેતી કામ,
રહે.મોટી વડાળ, તા.મહુવા, જી.ભાવનગર

(૪) નાથુભાઈ બાલુભાઈ કામળીયા,
ઉ.વ.આ.૪૩, ધંધો–ખેતી કામ,
રહે.મોટી વડાળ, તા.મહુવા, જી.ભાવનગર **......અરજદારો**

**વિરૂધ્ધ**

શ્રી સરકાર **.....સામાવાળા**

**<u>બાબત:– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૩૮ મુજબ રીવીઝન અરજી.</u>**

**અરજદારો તરફે : વિ.વ.શ્રી એમ.સી.બધેકા**

**સામાવાળા તરફે : વિ.એ.પી.પી.શ્રી કે.એચ.કેસરી**

**<u>–: જજમેન્ટ :–</u>**

૧. હાલની અરજી અરજદારોએ મહુવાના વિ.જ્યુડી. મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં ચાલતા ફોજદારી કેસ નં.–૨૧૭૫/૨૦૨૨ ના કામે ફરીયાદીની અરજદારો/આરોપીઓ ઉપર ચાર્જ અલ્ટર કરવાની આંક–૩૩ ની અરજી તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજ મંજુર થતા તે હુકમથી નારાજ થઇને હાલની રીવીઝન અરજી કરેલ છે.

૨. રીવીઝન અરજી દાખલ થતા સામાવાળાને નોટીસની ધોરણસર બજવણી થતા, સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થતા, તેઓને સાંભળવામાં આવેલા.

૩. અરજદારે તેની રીવીઝન અરજીમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, વિ.ટ્રાયલ કોર્ટે રજુ પુરાવાનું અર્થઘટન કરવામાં ગંભીર ક્ષતી કરેલ છે. ફરીયાદીને મારી નાખવાના ઈરાદે ઈજા કરી હોય તેવુ જણાઈ આવતુ ન હોય અને બંને ડોક્ટરોએ તેઓની જુબાનીમાં ઈજા પામનારને માથાના ભાગે ગંભીર ઈજા છે તેવુ જણાવેલ છે તો પણ તે વધુમાં વધુ ઈ.પી.કો. કલમ–૩૨૬ માં પડે તેમ છતાં વિ.ટ્રાયલ કોર્ટે ઈ.પી.કો. કલમ–૩૦૭ નો ઉમેરો કરવાનો હુકમ કરેલ છે તે રદ થવાને પાત્ર છે. તેમજ ઈ.પી.કો. કલમ–૩૦૭ નો ઉમેરો આરોપીઓનો ઈરાદો મારી નાખવાનો હોય તો જ થઈ શકે. પરંતુ ફરીયાદી કે સાક્ષીઓ કઈપણ જગ્યાએ આરોપીઓનો ઈરાદો ઈજા પામનારને મારી નાખવાનો હતો

તેવુ જણાવતા નથી. તેમજ તપાસ કરનાર અમલદારે તપાસ કરી અને ઈ.પી.કો. કલમ–૩૨૫ વિગેરે લગાડેલ છે અને ઈજા પામનાર ૬ દિવસમાં સંપુર્ણ સ્વસ્થ થઈ ગયેલ છે જેથી ચાર્જ અલ્ટર કરી શકાય તેમ નથી. આમ, આરોપીઓ સામેની ચાર્જ અલ્ટની કરવાની અરજી મંજુર કરતો વિ.ટ્રાયલ કોર્ટ દ્ધારા જે હુકમ કરેલ છે તે રદ કરવા અરજ કરેલ છે.

૪. અરજદાર તરફે તેના વિ.વ.શ્રી એ તેઓની અરજીમાં કરેલ રજુઆત ઉપરાંત વધુમાં રજુઆત કરેલ છે કે, વિ.ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંત વિરૂધ્ધનો છે. તેમજ એફ.આઈ.આર. ઈ.પી.કો. કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબની દાખલ કરવામાં આવેલ છે. આરોપીઓનો ઈજા પામનારને મારી નાખવાના ઈરાદાથી કોઈ હુમલો કરેલ હોય તેવો કોઈ પુરાવો નથી. ડેડલી વેપનથી કોઈ ઈજા પહોચાડેલ નથી. તેમજ જુનુ કોઈ વેરઝેરના કારણે હુમલો કરેલ હોય તેનો પણ કોઈ આરોપ નથી. તેમજ ઈજા પામનારને ૬ દિવસે હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવેલ છે. આમ, અરજદારોની હાલની રીવીઝન અરજી મંજુર કરી અને વિ.ટ્રાયલ કોર્ટે જે હુકમ કરેલ છે તે રદ કરવા અરજ કરેલ છે.

૫. સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. વિ.એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, ઈજા પામનારને સ્વેચ્છાપુર્વક માથાના ભાગે વાઈટલ પાર્ટ ઉપર હથીયાર વડે ગંભીર ઈજા કરવામાં આવેલ છે અને મેડીકલ ઓફીસરનો પુરાવો ધ્યાને લેતા ઈજા પામનારને તાત્કાલીક સારવાર મળી ન હોત તો તેઓનું મૃત્યુ નિપજવાની શક્યતા હતી. જેથી વિ.ટ્રાયલ કોર્ટે આરોપીઓ સામેની ચાર્જ અલ્ટર કરવાની અરજી મંજુર કરતો હુકમ કરેલ છે તે યોગ્ય અને ન્યાયી હોય, અરજદારોની હાલની રીવીઝન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૬. સદરહું રીવીઝન અરજી અંગે બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓને વિગતવાર સાંભળવામાં આવ્યા. હાલની રીવીઝન અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-: મુદ્દા :-</u>**

૧) શું વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા ફોજદારી કેસ નં.-૨૧૭૫/૨૦૨૨ ના કામે ફરીયાદીની અરજદારો/આરોપીઓ ઉપર ચાર્જ અલ્ટર કરવાની આંક-૩૩ ની અરજી તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજ મંજુર કરતો હુકમ કરવામાં આવેલ છે, તે હુકમ ગેરકાયદેસર, ભુલભરેલો તથા અયોગ્ય હોય, હસ્તક્ષેપને પાત્ર છે ?

૨) શું હુકમ ?

૭. ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧) નકારમાં

૨) આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

**<u>મુદ્દા નં.-૧</u>**

૮. અરજી વંચાણે લીધી. બંને પક્ષોના વિ.વ.શ્રીને સાંભળ્યા. વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ વંચાણે લીધુ. હાલના કામે અરજદારો દ્વારા તેઓ સામે વિ.ટ્રાયલ કોર્ટમાં ચાલતા ફોજદારી કેસ નં.-૨૧૭૫/૨૦૨૨ ના કામે ફરીયાદીએ ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૬ નો ચાર્જનો ઉમેરો કરવા અરજી કરેલી જે અરજી વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા મંજુર કરેલ છે તે હુકમથી નારાજ થઈને અરજદારો દ્વારા હાલની રીવીઝન અરજી કરેલ છે. આ અંગે સૌપ્રથમ ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૬ ની કાયદાકીય જોગવાઈ જોવામાં આવે તો તે નીચ મુજબ છે.

**<u>કલમ-૩૨૬ ના તત્વો</u>**

- શું આરોપીઓએ ભોંકવાના, કાપવાના, ગોળી છોડવાના કોઈ સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથીયાર તરીકે વાપરવાથી મોત નિપજવાનો સંભવ હોય તેવા સાધન વડે

માનવ શરીરને નુકશાનકારક હોય તેવા પદાર્થ વડે સ્વૈચ્છાપુર્વક મહાવ્યથા કરેલી છે?

**૩૦૭. ખૂન કરવાની કોશિશ :–**

કોઈ પણ વ્યક્તિ, કોઈ કૃત્ય એવા ઈરાદાથી અથવા જ્ઞાન સાથે અને એવા સંજોગોમાં કરે કે તે કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવત તો ખૂન માટે દોષિત થાત તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે;

અને તેવા કૃત્યથી કોઈને ઈજા થાય તો ગુન્હેગાર આજીવન કેદ અથવા ઉપર જણાવ્યા પ્રમાણેની કેદની સજાને પાત્ર થશે.

આજીવન કારાવાસ ભોગવતા (કેદી દ્બારા) કોશિશ –આ કલમ હેઠળનો ગુન્હો કરનાર વ્યક્તિ આજીવન કેદની સજા ભોગવતી હોય ત્યારે ગુન્હો કરતા તેણે વ્યથા કરી હોય તો તેને દેહાંતદંડની સજા કરી શકાશે.

**કલમ–૩૦૭ ના તત્વો**

૧. આરોપીએ કોઈ કૃત્ય કર્યું,

૨. આવું કૃત્ય ઈરાદાપૂર્વક અથવા ગુન્હાહિત જ્ઞાન સાથે કર્યું,

૩. આવા કૃત્યના કારણે કોઈને ઈજા થઈ,

૪. આવું કૃત્ય આરોપીએ કર્યું ત્યારે આરોપી આજીવન કેદની સજા ભોગવતો હતો,

૫. જો મૃત્યુ નિપજ્યું હોત તો આરોપી ખૂન માટે દોષિત ગણાત.

આ કલમમાં દર્શાવવામાં આવેલો ગુનો સાબિત કરવા માટે ગુનાહીત ઈરાદો અથવા ગુનાહીત જ્ઞાનની માત્રા એ જ રહેશે. જે કલમ ૩૦૦ માં આપવામાં આવી છે. કુદરતના સામાન્ય ક્રમમાં જો મૃત્યુ નિપજ્યુ હોત તો– જે ઈજા મૃત્યુ નિપજાવવા માટે પુરતી ગણાત તેવી ઈજા થવા પામી હોત તે પુરતુ નથી. પરંતુ મહત્વની બાબત તેવી ઈજા પહોચાડવાનો ઈરાદો હતો કે કેમ તે છે. પરંતુ, મૃત્યુ નિપજાવવા માટે

જે ઈરાદો અથવા કલમ ૩૦૦ મુજબનું ગુનાહીત જ્ઞાન અને તે અનુસંધાને કૃત્ય કરવામાં આવે ત્યારે સામાન્ય ઈજા થાય અથવા કશી જ ઈજા ન થાય તો પણ તેવુ કૃત્ય આ કલમના વર્તુળમાં આવશે. ગુનાહીત જ્ઞાન તે સભાનતાનું તત્વ દર્શાવે છે. ઈરાદાપુર્વક કૃત્ય કરતી વ્યકિતમાં સભાનતાનું તત્વ હોય છે. કારણ કે, નિશ્ચિત પરિણામ લાવવા માટે તે વ્યકિત ગણતરીપુર્વક વર્તે છે. આ ઉપરાંત ગુનાહીત જ્ઞાન એવી માનસીક અવસ્થા છે કે, કૃત્ય કરનાર વ્યક્તિને ત્યારે સંભવિત પરિણામની જાણ હોય છે, છતાં પણ તે કૃત્ય કરે છે. મૃત્યુ નથી નિપજયુ હોતુ તે સિવાય તમામ તત્વો કલમ ૩૦૦ ના રહેશે.

આ કલમના તત્વો જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

૧. આરોપીએ કોઈ કૃત્ય કર્યુ.

૨. આવુ કૃત્ય ઈરાદા પુર્વક અથવા ગુનાહીત જ્ઞાન સાથે કર્યુ.

૩. આવા કૃત્યના કારણે કોઈને ઈજા થઈ.

૯. આ કામે અરજદારો તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આરોપીઓએ ઈજા પામનારને મારી નાખવાના ઈરાદે ઈજા પહોચાડેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય અને ઈજા પામનાર ૬ દિવસમાં સંપુર્ણ સ્વસ્થ થઈ ગયેલ હોય અને ડેડલી વેપનથી કોઈ ઈજા પહોચાડેલ ન હોય, તેમજ જુના વેરઝેરના કારણે હુમલો કરેલ હોય તેનો પણ આરોપ ન હોય, જેથી વિ.ટ્રાયલ કોર્ટે ચાર્જ ઉમેરાની અરજી મંજુર કરતો જે હુકમ કરેલ છે તે રદ કરવા અરજ કરેલ છે. આ અંગે ફરીયાદીની ફરીયાદ અને ફરીયાદીનો સોગંધપરનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદી/ઈજા પામનારને આરોપી મજબુતભાઈએ માથાના ભાગે લોખંડના પાઈપ વડે ગંભીર ઈજા પહોચાડેલ હોવાની, તેમજ હાથ ઉપર તથા પાછળના ભાગે પાઈપ વડે ઈજા પહોચાડેલ હોવાની અને આરોપીઓએ ઢીકા પાટુનો માર મરેલ હોવાની હકીકત જણાવેલ છે. આ અંગે ડો.નિલેશભાઈ લાડુમોરનો પુરાવો જોવામાં

આવે તો ઈજા પામનારને માથાના ભાગે ઈજા થયેલ હોય અને સીટી સ્કેન કરાવેલ હોય અને દબાણને લીધે મગજ ડાબી બાજુ ખસી ગયેલ હોય અને બોનમાં સામાન્ય ડીપ્રેસ ફ્રેકચર જણાઈ આવેલ હોય અને દર્દીને ન્યુરોસર્જન પાસે બતાવવા સલાહ આપેલ હોય અને દર્દીને ગંભીર પ્રકારની ઈજા હોય અને તાત્કાલીક સારવાર ન મળે તો દર્દીનું મોત નિપજવાની શક્યતા હોવાની હકીકત જણાવેલ છે. તેમજ ડો.વલ્લભ નાગોચાનો સોગંધપરનો પુરાવો જોવામાં આવે તો ઈજા પામનાર ફરીયાદી તેઓ પાસે સારવાર માટે આવેલ હોય અને તેમનું સીટી સ્કેન કરાવેલ હોય અને મગજનો સોજો હોય અને ખોપરીનું ડીપ્રેસ ફ્રેકચર હોય અને મગજનું ઓપરેશન કરી સારવાર આપેલ હોય અને ઈજા ગંભીર પ્રકારની હોય અને ઓપરેશન કરવામાં ન આવેલ હોય તો ઈજા જીવલેણ થઈ શકે તેવા પ્રકારની હોવાની હકીકત જણાવેલ છે.

૧૦. આમ, આરોપીઓનો ઈજા પામનારને મારી નાખવાનો ઈરાદો હોય તેવુ રેકર્ડ પર આવેલ ન હોય અને ડેડલી વેપનથી ઈજા પહોચાડેલ ન હોય તેવી જે આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા દલીલો કરેલ છે તે અંગે કાયદાકીય પરીસ્થિતિ જોવામાં આવે તો ઈ.પી.કો. કલમ–૩૦૭ ની વ્યાખ્યા જોવામાં આવે તો આરોપી દ્વારા ઈરાદાપૂર્વક અથવા ગુન્હાહિત જ્ઞાન સાથે આવુ કૃત્ય કરેલ હોવુ જોઈએ. આ અંગે રેકર્ડ પરનો પુરાવો જોતા આરોપી મજબુતભાઈએ અન્ય આરોપીઓની મદદગારીથી ઈજા પામનાર ફરીયાદીને લોખંડના પાઈપ વડે માથાના ભાગે ગંભીર ઈજા પહોચાડી ગુનાહીત જ્ઞાન સાથે સ્વૈચ્છાપુર્વક મહાવ્યથા પહોચાડેલ છે અને આ ઈજાથી ઈજા પામનારનું મૃત્યુ નિપજવાનો સંભવ હોવાનું બંને મેડીકલ ઓફીસરના પુરાવાથી સમર્થન મળતુ હોય, તેવા સંજોગોમાં ફરીયાદી/ઈજા પામનારને થયેલ ઈજા મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોય અને આવી ઈજા/મહાવ્યથા

ગુનાહીત જ્ઞાન સાથે કરવામાં આવેલ હોય, જેથી વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા ફોજદારી કેસ નં.–૨૧૭૫/૨૦૨૨ ના કામે ફરીયાદીની અરજદારો/આરોપીઓ ઉપર ચાર્જ અલ્ટર કરવાની આંક–૩૩ ની અરજી મંજુર કરતો જે હુકમ કરેલ છે તે હુકમમાં કોઈ કાયદા કે હકીકતની ભુલ ન હોય અને વિ.ટ્રાયલ કોર્ટના આ હુકમમાં હસ્તક્ષેપ કરવો જરૂરી જણાતો ન હોય, જેથી મુદ્દા નં. –૧ નો જવાબ '**નકારમાં**' આપી, મુદ્દા નં.–૨ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

૧. અરજદારોની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ – ૪૩૮ હેઠળની હાલની ફોજદારી રીવીઝન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

૨. વિ.ટ્રાયલ કોર્ટે ફોજદારી કેસ નં.–૨૧૭૫/૨૦૨૨ ના કામે ફરીયાદીની આંક–૩૩ ની અરજી તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજ મંજુર કરતો કરેલ હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

૩. આ અરજીના ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૪. આ હુકમની નકલ સંબંધીત વિ.ટ્રાયલ અદાલતના રેકર્ડ સાથે મોકલી આપવી.

આજરોજ તા : ૩૦'મી, માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

મહુવા
તા.૩૦/૦૫/૨૦૨૬.

**(અતુલકુમાર એસ. પાટીલ)**
**ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,**
**ભાવનગર એટ મહુવા.**
**જીજે ૦૦૮૩૬**

HRC